# આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવસ્થાપક (ઇન્ટરનેશનલ બિઝનેસ મેનેજર)

આંતરરાષ્ટ્રીય વ્યાપાર વ્યવસ્થાપક (ઇન્ટરનેશનલ બિઝનેસ મેનેજર) એક કરતાં વધુ દેશોમાં કાર્યરત સંસ્થાઓમાં વ્યાવસાયિક સંચાલનના વૈશ્વિક પાસાઓ માટે જવાબદાર છે. આ કામગીરી માટે વિવિધ વૈશ્વિક બજારો, કાનૂની અને નાણાકીય અનુપાલન જરૂરિયાતો વગેરેની જાણકારી જરૂરી છે. આંતરરાષ્ટ્રીય મેનેજરો માર્કેટિંગ, ફાઈનાન્સ, બિઝનેસ વ્યૂહરચના, વિદેશી વિનિમય અને અનુપાલન જેવા વિવિધ કાર્યાત્મક ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે એક કુશળ સંવાદકર્તા છો તથા આંતરવૈયક્તિક સંચાર કૌશલ્ય ધરાવો છો
- તમે અંગ્રેજી ભાષા પર પ્રભુત્ત્વ ધરાવો છો
- તમને સમસ્યાઓ ઉકેલવામાં આનંદ આવે છે
- તમે વિગતો પર ધ્યાન આપો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૨૦,૦૦૦ થી ૪,૦૦,૦૦૦* જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે digitalgujarat.gov.in ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, www.vidyalakshmi.co.in, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક, વિશેષ કરીને BBM / BBS / BBA પૂર્ણ કરો.

**અથવા**

સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, ઇન્ટરનેશનલ બિઝનેસ / બિઝનેસ એડમિનિસ્ટ્રેશન / બિઝનેસ મેનેજમેન્ટ / ફોરેન ટ્રેડ / ઓપરેશન મેનેજમેન્ટ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચે પૈકીની એક પ્રવેશ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે: સી.ઈ.ટી., એસ.ઈ.ટી., ડિ.યુ. જે.એ.ટી., એસ.ઈ.ટી.વગેરે.

સ્નાતકોત્તર અભ્યાસક્રમમાં પ્રવેશ માટે, તમારે નીચેની કોઈપણ પરીક્ષામાં યોગ્યતા પ્રાપ્ત કરવી આવશ્યક છે: કેટ / એક્સ.એ.ટી. / જીમેટ / એસ.એન.એ.પી. / એન.એમ.એ.ટી. / સી.એમ.એ.ટી. વગેરે.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

*અહી આપલે આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઇન્ટરનેશનલ બિઝનેસ મેનેજરનું અંદાજીત માસિક વેતન રૂ. ૪૭,૦૦૦ થી ૨,૧૬,૦૦૦* જેટલું હોય છે.

સ્રોત : https://www.ambitionbox.com/profile/manager-international-business-salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** બહુરાષ્ટ્રીય કંપનીઓ, આંતરરાષ્ટ્રીય બેંકો, આંતરરાષ્ટ્રીય ટ્રેડિંગ કંપનીઓ, રિટેલ વ્યવસાયો, નાણાકીય સંસ્થાઓ, બેંકિંગ ક્ષેત્ર, સુરક્ષા કંપનીઓ, આતિથ્ય-સત્કાર તેમજ પ્રવાસ અને પર્યટન ઉદ્યોગ.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક જોબ છે. તમારે વરિષ્ઠ એક્ઝિક્યુટિવ્સ અને એક્ઝિક્યુટિવ્સની ટીમની દેખરેખ રાખવાની જરૂર પડશે. ક્યારેક પ્રવાસ કરવો પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરશો તેવી અપેક્ષા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

જુનિયર મેનેજર / આસિસ્ટન્ટ મેનેજર / એસોસિયેટ → સુપરવાઈઝર, ઈન્ટરનેશનલ બિઝનેસ ડેવલપમેન્ટ → બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર, એક્સપોર્ટ / ઈન્ટરનેશનલ માર્કેટિંગ મેનેજર → જનરલ મેનેજર, એક્સપોર્ટ / જનરલ મેનેજર, ઈન્ટરનેશનલ સપ્લાય ચેઈન → એક્સપોર્ટ અને ઈમ્પોર્ટના વડા

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વ્યવસ્થાપન વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આર્યભટ્ટ નોલેજ યુનિવર્સિટી, પટના
૨. લાલા લાજપતરાય કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ, મુંબઈ
૩. દિલ્હી સ્કિલ એન્ડ એન્ટરપ્રુન્યરશીપ યુનિવર્સિટી, નવી દિલ્હી
૪. મૌલાના આઝાદ નેશનલ ઉર્દુ યુનિવર્સિટી, હૈદરાબાદ
૫. સેન્ટ્રલ યુનિવર્સિટી ઓફ કાશ્મીર, શ્રીનગર
૬. એસ.આર.આર. સરકારી આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, તેલંગાણા
૭. ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ સ્ટડીઝ, દિલ્હી

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. પારૂલ ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ, વડોદરા
૨. એમિટી ઈન્ટરનેશનલ બિઝનેસ સ્કૂલ, નોઈડા
૩. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગર
૪. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, કોલકાતા
૫. જીએલએસઆઈબીએ, અમદાવાદ
૬. મેનેજમેન્ટ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ, ગુડગાંવ
૭. સિમ્બાયોસિસ ઈન્સ્ટિટ્યુટ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ, પુણે
૮. એસ.પી. જૈન ઈન્સ્ટિટ્યુટ ઑફ મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ, મુંબઈ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc20_mg54/preview
- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

બિઝનેસ ડેવલપમેન્ટ મેનેજર, ઈન્ટરનેશનલ બિઝનેસ મેનેજર, ઈન્ટરનેશનલ માર્કેટિંગ મેનેજર

- https://anubandham.gujarat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**વનિતા નારાયણન** એક વરિષ્ઠ વૈશ્વિક એક્ઝિક્યુટિવ અને બોર્ડ લીડર છે જેઓ ત્રણ દાયકાની સફળ કારકિર્દી ધરાવે છે. વર્ષ ૨૦૨૦માં, વનિતાએ આઈ.બી.એમ.માં સફળ કારકિર્દી પછી નિવૃત્તિ લીધી. આઈ.બી.એમ.માં તેણીએ યુ.એસ., એશિયા-પેસિફિક અને દક્ષિણ એશિયામાં મોટા વ્યવસાયોમાં અગ્રણી ભૂમિકાઓ ભજવી. તેણી દક્ષિણ એશિયા ક્ષેત્રમાં આઈ.બી.એમ.ના તમામ વેચાણ, માર્કેટિંગ, સેવાઓ, વૈશ્વિક વિતરણ કામગીરી અને સરકારી સંબંધો માટે જવાબદાર હતા. વનિતા તેમના ગ્રાહકો પ્રત્યે અસાધારણ ધ્યાન અને સમજ સહિત સતત શીખવા માટેના તેમના જુસ્સા થકી વ્યવસાયમાં પરિવર્તન લાવવા માટે જાણીતા છે.*

સ્ત્રોત:https://thenewsmen.co.in/high-flyers/nandita-sinha-know-the-ceo-of-myntra/87713

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.